**ક્રિમીનલ અપીલ નંબર :– ૨૦૬ / ૨૦૨૪**

**મે. વિસનગર ના ત્રીજા એડીશનલ સેસન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. વિસનગર**

**અરજદાર:–** ૧. **ચૌધરી અમરીતભાઇ ઉર્ફે અમરતભાઇ ગાંડાભાઇ,**
ઉ.વ.આ.– ૪૫, ધંધો.– ખેતી,
રહે.વણાલગા, બસસ્ટેન્ડની સામે,
તા.–ઉંઝા, જી.– મહેસાણા.

**વિ રૂ દ્ધ**

**સામાવાળા:–** ૧. **ધી સ્ટેટ ઓફ ગુજરાત..**

૨. **પટેલ રોનક નરેન્દ્રકુમાર,**
ઉ.વ.આ.– ૨૯,
રહે.ઉંઝા, ઠે.૨૨, શિવદર્શન સોસાયટી, દાસજ રોડ,
તા.– ઉંઝા, જી.– મહેસાણા.

**આંક–૦૧ લગત હુકમ**

(૧) સદર કામ આજરોજ પક્ષકારો તરફેની વિનંતી આધારે સમાધાન માટે રાષ્ટ્રીય લોક અદાલતમાં રજુ રાખેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અપીલની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર વિરુધ્ધ સામાવાળાએ મે. ઉંઝાના જયુડીશયલ ફ.ક. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ફોજદારી કેસ નંબર– ૮૨ / ૨૦૨૩ થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રેમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરતા અને તે ફરીયાદ મે. ઉંઝાના જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં ચાલી જતા અરજદારને તકસીરવાન ઠરાવી **એક (૦૧) વર્ષની** સાદી

કેદની સજા તથા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૫૭(૩)મુજબ ચેકની રકમ રૂપીયા– ૪,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા) ફરીયાદીને વળતર પેટે ચુકવી આપવાનો હુકમ તારીખ– ૨૩–૦૮–૨૦૨૪ના રોજ આંક– ૩૨ થી કરેલ છે. જે હુકમથી નારાજ થઈ અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૧૫ મુજબ હાલની અપીલ દાખલ કરેલ છે.

(૩) સદર કામે અરજદાર/મુળ આરોપી તથા સામાવાળા/મુળ ફરીયાદી તરફે **આંક– ૨૫** થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. જે સમાધાન પુરસીસ અત્રેની કોર્ટે **દામોદર એસ. પ્રભુ** ના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે જણાવેલ ડાયરેકશનનું પાલન કરવાની રેકર્ડ કરેલ છે. વધુમાં પક્ષકારોએ એવુ જાહેર કરેલ છે કે, પક્ષકારો વચ્ચે ઘરમેળે સુખદ સમાધાન થઈ ગયેલ છે અને સામાવાળા/મુળ ફરીયાદીને ચેક મુજબની પુરેપુરી રકમ મળી ગયેલ છે જેથી હાલની અપીલ તેઓ આગળ ચલાવવા માંગતા નથી.

(૪) ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નો મુખ્ય હેતુ આરોપીને સજા કરવાનો નહી, પરંતુ ચેક રીર્ટન થવાના કારણે ચેકના ધારણકર્તાને આર્થિક નુકશાન સહન કરવુ ના પડે તે પણ છે. હાલની અપીલના કામે રજુ થયેલ સમાધાન પુરસીસ ધ્યાને લેતા મુળ ફરીયાદીને નામદાર ટ્રાયલ કોર્ટના હુકમ મુજબ ચેકની તમામ રકમ વળતર સ્વરૂપે મળી ગયેલ છે તે જોતા ચેક પરત ફરવાને કારણે ફરીયાદીને જે આર્થિક નુકશાન થયેલ છે તે રકમ અરજદાર/આરોપી પાસેથી વળતર સ્વરૂપે મળી ગયેલ છે.

(૫) નામદાર સુપ્રીમ કોર્ટે **મધ્ય પ્રદેશ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી વિરુધ્ધ પ્રતિક જૈન અને બીજા** ના કેસના ચુકાદામાં પણ એવો સિધ્ધાંત ઠરાવેલ છે કે જયારે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય અને ફરીયાદીને ચેકની રકમ મળી ગયેલ હોય ત્યારે ખાસ સંજોગોમાં અને કેસની હકીકત ધ્યાને લઈને કોસ્ટની રકમ કોર્ટે ઘટાડવી જોઈએ કે ના પણ લેવી જોઈએ.

(૬) આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના કામે પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન ધ્યાને લેતા તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૪૭ ની જોગવાઇ ધ્યાને લઇ આરોપી સામે થયેલ સજાનો હુકમ રદ કરી ન્યાયના હીતમાં આંક–૧ લગત નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

**૧.** અરજદાર/આરોપી એ બી. એન. એસ.એસ. ૨૦૨૩ની કલમ–૪૧૫ અન્વયે કરેલી પ્રસ્તુત અપીલના કામે પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન આધારે એવો હુકમ કરવામાં આવે છે કે, મે. ઉંઝાના જ્યુડીશયલ ફ.ક. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ફોજદારી કેસ નંબર– ૮૨ / ૨૦૨૩ ,ધી નેગો. ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ મુજબના કામે તારીખ– ૨૩–૦૮–૨૦૨૪ના રોજ આંક–૩૨ થી કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે અને આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપીના જામીન તથા જામીનતખત રદ કરવામા આવે છે.

**૩.** અરજદાર/આરોપીએ જો કોઈ દંડની રકમ ભરેલ હોય તો તે અરજદાર/આરોપીને પરત ચુકવી આપવી.

**૪.** અપીલના કામે અરજદાર/આરોપીએ જમા કરાવેલ રકમ અરજદાર/આરોપીને અથવા તે જેને કહે તેને પરત આપવી.

**૫.** હુકમની એક નકલ ફોજદારી કેસ નંબર–૮૨/૨૦૨૩ ના અસલ રેકર્ડ સાથે ટ્રાયલ કોર્ટને સત્વરે પરત મોકલી આપવી.

હુકમ આજ તારીખ– ૧૪મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૪ / ૦૩ / ૨૦૨૬ (પ્રવિણભાઈ જોઈતાભાઈ ચૌધરી)
વિસનગર **ત્રીજા એડિશ્નલ સેશન્સ જજ, વિસનગર**
**મુ.વિસનગર**
(UIC NO: GJ00661)